**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૭ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૭ ટકા

# શહેરના રહેણાંક વિસ્તારોમાં નાની રક્તદાન શિબિરોની શરૂઆત

## કોરોના સંક્રમણને ભીતિએ સિવિલ હોસ્પિટલમાં રક્તદાન કરવા જતાં ખચકાતા રક્તદાતાઓ માટે નવી પહેલ : થેલેસેમિયાના દર્દીઓ માટે રક્તનો પુરવઠો અવિરત મળી રહે તે માટે રક્તદાન જરૂરી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં રક્તદાનની પ્રવૃત્તિ ઘણા સમયથી શહેરની સેવાકીય પ્રવૃતિઓમાં અગ્રેસર સ્થાન ધરાવે છે. શહેરમાં નિયમિત પણે રક્તદાન કરવા વાળા રક્તદાતાઓ મોટી સંખ્યામાં છે પરંતુ જયારથી કોરોના મહામારી ફેલાઈ છે જેના પગલે લોકડાઉન લાગુ પાડવામાં આવ્યું હોવાથી રક્તદાનની પ્રવૃત્તિને ધક્કો પહોંચ્યો છે અને તેના કારણે રક્તની અછત ઉભી થવા પામી છે. આ સ્થિતિમાં થેલેસેમિયા જેવા નિયમિત રક્ત જેમને ચઢાવવું પડે તેવા દર્દીઓની હાલત કફોડી થઈ રહી છે. જો કે ગાંધીનગરમાં ધીમે ધીમે આ બાબતે જાગૃતિ આવતા ઘણા સેવાભાવી રક્તદાતાઓ આ સ્થિતિમાં પણ રક્તદાન કરી રહ્યા છે જે ખૂબ જ આવકારદાયક બાબત છે.

ગાંધીનગરના સેન્ચુરિયન રક્તદાતા અને થેલેસેમિયા દર્દીઓના હિત માટે કાર્યરત એવા સેવાભાવી સુકેતુ મહેતાએ જણાવ્યું હતું કે 'હાલની સ્થિતિમાં દરેક બ્લડ બેન્કમાં રક્તની અછત વર્તાઈ રહી છે જેના કારણે જેમને નિયમિત રક્ત ચઢાવવાની જરૂર પડે છે તેવા થેલેસેમિયાના દર્દીઓ માટે વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે પરંતુ ગાંધીનગરમાં હવે આ બાબતે ધીમે ધીમે જન જાગૃતિ ફેલાવાઈ રહી છે અને જે રક્તદાતાઓ કોરોના વાયરસ સંક્રમણની ભીતીએ સિવિલ હોસ્પિટલ કે તેવી કોઈ જગ્યાએ રક્તદાન કરવા જતાં ડર અનુભવી રહ્યા છે તેમના માટે અમે અલગ અલગ સ્થળોએ જેવા કે રહેણાંક વિસ્તારો અથવા જયાં ચાર પાંચ કે તેથી વધુ રક્તદાતાઓ રક્તદાન કરવા એકત્રિત થઈ શકે તેવી તેમની પસંદગીની નજીકની જગ્યાએ રક્તદાન માટે આયોજન કરી રહ્યા છીએ. ગઈકાલે આ અંતર્ગત દસ રક્તદાતાઓએ રક્તદાન કર્યુ હતું જયારે આજે બીજા આઠ રક્તદાતાઓએ રક્તદાન કરી થેલેસેમિયાના દર્દીઓ માટે આશાનું કિરણ જગાવ્યું છે. અમે રક્તદાતાઓને વિશ્વાસ અપાવા માંગીએ છે કે આપ આપના રક્તદાન થકી કોઈકની જિંદગી બચાવવા માટે તત્પર છે ત્યારે અમે આપને કારોના વાયરસ સંક્રમણનો ભોગ ના બનો તે રીતે આપના નજીકના રહેણાંક વિસ્તારમાં રક્તદાન એકત્ર કરવાની વ્યવસ્થા ગોઠવી આપને રક્તદાન કરવા સુરક્ષિત માહોલ પુરો પાડીશું.' સેક્ટર-૧૪માં યોજાયેલા રક્તદાનમાં રક્ત એકત્ર કરવાની સેવા શહેરની શ્રદ્ધાદીપ બ્લડ બેન્ક દ્વારા પૂરી પાડવામાં આવી હતી. રક્તદાન પ્રવૃત્તિમાં અમને શહેરના ગૂંજ ફાઉન્ડેશન સહિતની સેવાભાવી સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

## ગૂંજ ફાઉન્ડેશનની મહિલા રક્તદાતાએ રક્તદાન કર્યું



વોટ્સએપ બ્લડ બેન્ક દ્વારા જાણીતા ગૂંજ ફાઉન્ડેશન સાથે જોડાયેલા મહિલા રખાતા સ્વીકૃતિ અજયકુમાર દેસાઈએ આજે થેલેસેમિયાના દર્દી માટે રક્તદાન કર્યું હતું. આજે તેમનું ૧૬મું રક્તદાન હતું જે પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે 'આપણે કોઈ પણ સ્થિતિને એટલી ગંભીર ના કરવી જોઈએ કે જેમાં આપણે કોઈની જિંદગી બચાવવાનું સેવા કાર્ય પણ ના કરી શકીએ એક શિક્ષિત રક્તદાતા તરીકે મને એટલી ખબર છે કે થેલેસેમિયાના દર્દીઓને નિયમિત રક્તની જરૂર પડે છે અને રક્તદાન કરવાથી કારોના સંક્રમણ થાય તેવી શક્યતા નથી. મારી તમામ યુવા રક્તદાતાઓને અપીલ છે કે તેઓ પણ કોઈપણ જાતનો ડર રાખ્યા વિના રક્તદાન કરવા આગળ આવે અને આ વિકટ પરિસ્થિતિમાં રક્તનો પુરવઠો ખોરવાય નહીં તે માટે પોતાનું યોગદાન આપે.' અત્રે ઉલ્લેખનીય છે કે સ્વીકૃતિ દેસાઈ સેક્ટર-૧૪માં રહે છે અને અમદાવાદની ખાનગી સ્કૂલમાં સ્પોર્ટ્સ ટીચર તરીકેની સેવા બજાવી રહ્યા છે.

# ગાંધીનગર સહિત દેશભરના શહેરોમાં કોરોના લડવૈયા તથા જરૂરીયાતમંદોને ભોજન અને માસ્ક-સેનેટાઈઝર વિતરણ





ગાંધીનગર, તા. ૨૪

કોરોના વાયરસના આ મુશ્કેલ સમયને ધ્યાનમાં રાખીને નચિકેત જોશી અને તેમની ટીમ અમદાવાદ, દિલ્હી, એનસીઆર, ઈન્દોર, સુરત, વડોદરા, મુંબઈ અને ઉદેપુર સહિત ગાંધીનગર જેવા ભારતીય શહેરોમાં તેમનું યોગદાન આપવા પ્રયાસ કરી રહ્યા છે. ગૌરવસિંહ ચૌહાણ અને તેમની ટીમ ગુજરાત રાજ્યના શહેરો જેમ કે અમદાવાદ, બોપલ અને ગાંધીનગરની દેખરેખ રાખે છે. એસડીજી ચૌપલના એમ્બેસેડર તેમજ ગુજરાત રાજ્ય કન્વીનર નચિકેત જોશીએ આ સેવા કાર્ય અંગે જણાવ્યું હતું કે 'અમે દેશના નાગરિકો માટે જે કંઈ કરી શકીએ તે કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. અમે ખાતરી આપી છે કે અમે દરરોજ રાત્રે તપાસ કરીએ છીએ કે કોઈ નાગરિક ભૂખ્યો ઊંઘી નથી જતો. જરૂરિયાતમંદ નાગરિકોને મદદ કરવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદી માર્ગદર્શિકાનો અમલ કરવા છેલ્લા ૨૫ દિવસથી અમારી પાસે અમદાવાદ, દિલ્હી, એનસીઆર, ઈન્દોર, સુરત, વડોદરા, મુંબઈ અને ઉદેપુર તેમજ ગાંધીનગર જેવા શહેરોમાં ટીમો કાર્યરત છે. આ ઉપરાંત પોલીસ કર્મીઓ, સુરક્ષા કર્મીઓ સહિતના કોરોના વોરિયર્સની સલામતી માટે પહજારથી વધુ માસ્ક, ૧ હજાર લિટર સેનિટાઈઝર લિક્વિડ અને ૨૧૦૦થી વધુ ફૂડ કીટનું વિતરણ કરાયું છે. અમારા કોરોના લડવૈયાઓ પોલીસ દળનો અમે આભાર માનીયે છીએ કે તેઓ અમને પહોંચવામાં મદદ કરવા માટે દિવસ અને રાત તેમનો ટેકો પૂરો પાડે છે.'





લૉકડાઉનના સમયગાળામાં શહેરના ઘણા નાગરિકોએ પશુ-પંખીઓ પ્રત્યે તેમની કાળજી તથા લાગણી પ્રદર્શિત કરી છે. આજે પણ સે-૫માં એક શ્વાનને અકસ્માત થતા રીટાબેન કાન્તિભાઈ પટેલે તુરંત જ ડૉ.ને બોલાવ્યા હતા અને તેની તપાસ કરી હતી. આ પછી પણ તેઓ હરહંમેશ તે શ્વાનની તથા આ સિવાય પણ જો કોઈ શ્વાનને નાની-મોટી ઈજા થાય તો સમય કાઢીને તેની સેવા કરવા તત્પર રહે છે.



ગાંધીનગર શહેરમાં કોરોનાની સ્થિતિ સહેજ નિયંત્રણમાં છે. છેલ્લા એક મહિનાથી ઘરમાં પુરાયેલા વસાહતીઓમાં કયાંક કયાંક કંટાળો જોવા મળી રહ્યો છે. સવારે અને સાંજે શોપીંગ સેન્ટરોમાં ખરીદી માટે સારી એવી ભીડ જોવા મળી જાય છે. સેકટર-૬ના શોપીંગ સેન્ટરમાં આડેધડ પાર્ક થયેલા વાહનો ભારે ભીડનો નિર્દેશ કરે છે.

## નવી બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર પર ફીવર ઓપીડી શરુ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરની ૬૦૦ બેડની હોસ્પિટલમાં ગ્રાઉન્ડ ફલોર પર ફીવર ઓપીડી શરુ કરવામાં આવી છે. ઓપીડીમાં દર્દીને તપાસીને, એકસ-રે, લેબોરેટરી, મેડીસીન સહિતની ચીજવસ્તુ એક જ સ્થળ પર દર્દીને મળી રહે તે પ્રકારની વ્યવસ્થા તંત્ર દ્વારા કરવામાં આવી છે. જયારે કોરોના શંકાસ્પદ કે લક્ષણો ધરાવતા દર્દી આવે તો તેઓને ઓપીડીમાં સારવાર આપીને સીધા જ વોર્ડમાં ટ્રાન્સફર કરવામાં આવશે.

# શહેરના મધ્યમવર્ગીય ફોટોગ્રાફર્સની વ્હારે આવી કેપિટલ કેમેરા કલબ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં કોરોના વાયરસ સંક્રમણના પગલે લાગુ પાડવામાં આવેલા લૉકડાઉનને કારણે મોટાભાગના વેપાર ધંધા ઠપ થઈ જવા પામ્યા છે. હાલની સ્થિતિમાં કોઈપણ પ્રકારના લગ્ન કે અન્ય શુભ પ્રસંગોના આયોજનો, સ્નેહમિલન સમારંભો, સાંસ્કૃતિક કાર્યક્રમો, સામાજિક કે સરકારી મેળાવડા અથવા અન્ય કોઈ સભા કે સરઘસ વગેરે પર પ્રતિબંધ હોવાને કારણે ફોટોગ્રાફી-વિડિયોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલા વ્યવસાયકારોના સીઝનેબલ ધંધા બંધ હોવાથી તેમની હાલત કફોડી બની રહી છે. આ સ્થિતિમાં ગાંધીનગરની કેપિટલ કેમેરા કલબ શહેરના ફોટોગ્રાફી-વિડિયોગ્રાફી વ્યવસાય સાથે સંકળાયેલા મધ્યમવર્ગીય ફોટોગ્રાફર્સને કરિયાણાની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



લૉકડાઉનની સ્થિતિમાં ફોટોગ્રાફર્સને પોતાનું ઘર ચલાવવું ખુબ અઘરું પડી રહ્યું છે કારણ કે ઘણા ફોટોગ્રાફર્સ એવા છે જે ખાલી મેરેજ ફોટોગ્રાફીનું જ કામ કરે છે તેમની પાસે આવકનો અન્ય કોઈ સ્ત્રોત નથી. અનેક ફોટોગ્રાફર્સ તો ભાડે કેમેરા લાવી ને કામ કરતા હોય છે, હવે આ ઉનાળુ લગ્ન સીઝન રદ થવાના લીધે તેમને પોતાનું ઘર કેવી રીતે ચલાવવું એ એક મોટો સવાલ છે કારણ કે હવે બીજી લગ્ન સીઝન છેક નવેમ્બરમાં આવશે ત્યાં સુધીના ૬ મહિના પોતાના પરિવાર નું ભરણ પોષણ કરવું એ તેમના માટે મોટો પડકાર છે. આ સ્થિતિમાં ગાંધીનગરની કેપિટલ કેમેરા કલબની પોતાની જમા મૂડી તથા સભ્યોના મળેલા આર્થિક સહકાર થકી આજે ગાંધીનગરમાં શહેરના ૧૦ ફોટોગ્રાફર્સ મિત્રોને ૨૦ દિવસ ચાલે તેટલી કરિયાણાની કીટ આપવામાં આવી હતી. આ સેવા કાર્યમાં કેપિટલ કેમેરા કલબના પ્રમુખ કૌશિક ગજ્જર, મંત્રી દીપક વ્યાસ અને સહમંત્રી કિરણ ગજ્જર સહિત સભ્યો જોડાયા હતા.

## ફેસેલીટી સેન્ટરથી સિવિલ સારવાર માટે ગયેલ યુવક ગાયબ

ગાંધીનગર, તા.૨૪

કોરોનાને પગલે ગાંધીનગર શહેરમાં કવોરેન્ટાઈન ફેસીલીટી સેન્ટર તંત્ર દ્વારા ઉભા કરવામાં આવ્યા છે. જેમાં કવોરેન્ટાઈન ફેસીલીટી સેન્ટરમાં નાગરીકોને રાખવામાં આવે છે. ત્યારે શહેરના ક્વોરેન્ટાઈન ફેસીલીટી સેન્ટર ખાતેથી સારવાર માટે લઈ જવાયેલ યુવક સિવિલ હોસ્પિટલથી બારોબાર ભાગી ગયો છે. સેકટર-૧૬ યુથ હોસ્ટેલ ક્વોરેન્ટાઈન ફેસીલીટી સેન્ટર પર ગત તા.૧૪ એપ્રિલના રોજ મોહમંદ નજુર ઈસ્લામ (ઉં.૨૨ રહે. ન્યુ ગણેશ પાર્ક રશિયન માર્કેટ દિલ્હી) ને કવોરોન્ટાઈનમાં રાખવા માટે મોકલી આપવામાં આવ્યો હતો.૧૯ એપ્રિલના રોજ સાંજના સુમારે તેણે તબિયત ખરાબ હોવાનું જણાવતા સેન્ટરના નોડલ ઓફિસર કૌશિકભાઈ લવજીભાઈ સોનીએ તેને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે મોકલી આપ્યો હતો. ૫ દિવસ સુધી સિવિલમાં સારવાર મેળવ્યા પછી ગુરુવારના રોજ સાંજના સુમારે તે ભાગી ગયો હતો. મોહમ્મદ નજુર ઈસ્લામ દિલ્હી જવા માટે રવાના થઈ ગયો હોવાની માહિતી મળતા નોડલ ઓફિસરે આ અંગે સેકટર-૭ પોલીસ મથકમાં જાણ કરી હતી. જેને પગલે પોલીસે જાહેરનામા ભંગ બદલ અને મહામારી અધિનિયમ હેઠળ ગુનો નોંધી તેને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## સંસ્કાર ગ્રુપ દ્વારા ઘરે બેઠા વિશ્વ ધરતી દિવસની ઉજવણી




સંસ્કાર ગ્રુપ દ્વારા વર્તમાન સમયને ધ્યાનમાં લઈ ને તા.૨૨ એપ્રિલ વિશ્વ ધરતી દિવસની ઉજવણી ગ્રુપના સભ્યો દ્વારા પોતપોતાના ઘરે કરવામાં આવી હતી. જે સંદર્ભે ગ્રુપના સભ્યો અને પરિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન એક જ સમયે ધરતીમાતાને દીવો અગરબત્તી અને ચોખા ચઢાવી પૂજા કરી હતી.

## બ્રહ્મ પરિવારો દિપ પ્રગટાવી પરશુરામ જયંતિની ઉજવણી કરશે

ગાંધીનગર, તા.૨૪

બ્રાહ્મણોના આરાધ્ય દેવ ભગવાન શ્રી પરશુરામ દાદાની જન્મજયંતિ ૨૫મીએ છે. દર વર્ષે બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામની નગરમાં શોભાયાત્રા કાઢી મહાઆરતીનું આયોજન કરી આનંદથી પર્વની ઉજવણી કરવામાં આવતી હતી પરંતુ વર્તમાન પરિસ્થિતિના કારણે નગર યાત્રા તથા મહા આરતીનો કાર્યક્રમ મુલત્વી રાખવામાં આવ્યો છે. નગરના સૌ બ્રહ્મ પરિવારોને તારીખ ૨૫ મી એપ્રિલના રોજ સાંજે ૭ કલાકે પોતાના ઘરે દિપ પ્રાગટય કરી ભગવાન પરશુરામની જન્મ જયંતિની ઉજવણી કરવા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના અધ્યક્ષ ભરતભાઈ રાવલ, મહામંત્રી યજ્ઞેશ દવે, ઉપપ્રમુખ અશ્વિન ત્રિવેદી તથા સંગઠન મંત્રી કમલેશ વ્યાસ તથા યુવા મંત્રી દિવ્ય ત્રિવેદી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# શહેરના યુવકની પ્રેરણાદાયી સેવા

## સે-૭ના વ્યોમ અમીન અને મિત્રો દ્વારા વડોદરાના દસ વર્ષીય મુસ્લિમ બાળક માટે દવા અને બ્લડની અનોખી સેવા

ગાંધીનગર, તા.૨૪

સમગ્ર વિશ્વ કોરોના સામે લડત આપી રહ્યું છે. આપણા દેશમાં હાલ કોરોના સંક્રમણને રોકવા લોક ડાઉનનો સંપૂર્ણપણે અમલ થઈ રહ્યો છે. લોક ડાઉનને પાળવા સાથે જરૂરિયાતમંદોને મદદ કરવાનું શહેરીજનો ચૂકતા નથી. સોશિયલ મીડિયાના ઉપયોગ દ્વારા આજ નાનાથી લઈ મોટી સમસ્યા માટે મદદ માંગી શકાય છે. નેટફલીક્સ કે અમેઝોનમાં સિરીઝ જોયા સિવાય અને વોટ્સએપ મેસેજ કે ટીકટોકના વિડીયો બનાવવા તથા જોવા સિવાય ઘણા મોબાઈલ અને સોશિયલ મીડિયાનો સેવા કાર્ય અર્થે પણ ઉપયોગ કરી રહ્યા છે જેનું ઉદાહરણ શહેરના સેવાભાવી વ્યોમ અતુલકુમાર અમીન એ પૂરું પાડયું છે.

શહેરના યુવા સેવા કાર્ય કરવા માટે જાણીતા છે. ગાંધીનગર તથા ઘણા શહેરના વ્યક્તિઓને જ્યારે મદદની જરૂર હોય ત્યારે તેમનો રેફરન્સ મળી જાય છે. પાછલા વર્ષોથી લઈને આજ સુધી તેમણે ઘણા સેવા કાર્ય કર્યા છે પરંતુ આ લોક ડાઉન ની પરિસ્થિતિમાં આપણે ધારીએ તો જરૂરીયાતમંદને અનાજ કે જમવાનું પહોંચાડવાથી વધુ મદદ જલ્દીથી ન કરી શકીએ. પરંતુ વ્યોમના એક મેસેજથી તેમના મિત્ર વર્તુળે એક બાળક ની દવા માટેના પૈસા થોડા જ સમયમાં ડોનેટ કરીને શહેર માટે અલગ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

હિમો બાઈટીક યુરેનિક સીનડ્રોમ નામની બીમારીથી પીડાતા વડોદરાના દસ કે બાર વર્ષના બાળક ફરદીન યાકુબભાઈ મુલતાની લગભગ ૨ વર્ષ પહેલાં વ્યોમ ના સંપર્કમાં આવ્યા હતા. આ બાળક તેના રોગની સારવાર અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતા ત્યારે વ્યોમ તથા તેમના મિત્રો દ્વારા તેની સારવાર અર્થે બ્લડ બોટલ એકઠી કરવાની સેવા પૂરી પાડવામાં આવી હતી. ડોકટર અને તેના માતા પિતા તેના જીવવાની આશા ખોઈ બેઠા હતા ત્યારે તમામ મિત્રો એ ભેગા થઈ તેમને સાંત્વના આપવા સાથે બાળક સાથે સમય વિતાવતા હતા. ધીમે ધીમે બાળક એ રોગને માત આપી પરંતુ તેને દરરોજ અમુક દવા લેવી જરૂરી હતી. જે મોંઘી હોવાથી બાળકના ઘરની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા બાળકને વિનામૂલ્યે મળી રહેતી. બાળકના પિતા વડોદરાથી લોક ડાઉનના આ સમયમાં અહીં આવી શકે તેમ ન હતા. ન તો વડોદરા સિવિલમાંથી આ દવા મળી શકે તેમ હતી. બાળકના પિતા રિક્ષાચાલક છે. હાલ તેમની આવક પણ બંધ છે ત્યારે ભૂતકાળમાં મદદ અર્થે આવેલા વ્યોમ અમીન ને આ સમસ્યા અંગે તેમણે જાણ કરી યાકુબભાઈની વાત સાંભળી ફરદીનની મદદ અર્થે નો મેસેજ વ્યોમ એ તેમના સોશિયલ મીડિયાના ગ્રુપ મારફતે ફરતો મૂક્યો હતો. અને માત્ર બે થી ત્રણ કલાકમાં વ્યોમ અને તેમના મિત્રો આલોક અમીન, કેવલ ઠક્કર, પૃથક ઠક્કર, મેહુલ ભોજક, કાજલ વૈષ્ણવ, કિર્તિ ભટ્ટ, રીમા શાહ, હર્ષ પ્રજાપતિ, પાયલ પરમાર, મેહુલ પટેલ, પ્રિયમ પટેલ, આશિષ દવે, મેહુલસિંહ વાઘેલા, રોનક પટેલ, નિરાલી પટેલ, રૂતુલ ઉપાધ્યાય, મનન પટેલ, સિંધુ ચૌધરી, જીતેશ પારેખ, પ્રસેન ગાંધી, મૌની મોદી, રાહુલ સુખડિયા, પૂર્વાંગ દેસાઈ, પિનાક ઠક્કર, વિરાજ અમીન તથા નિયતિ અમીન દ્વારા જોઈતી રકમ યાકુબ ભાઈના બેંક ખાતામાં જમા થઈ ગઈ હતી. આ પરથી કહી શકાય કે માનવતા હજી પણ જીવિત છે અને મદદ કરતી વખતે નાત જાત કયા જોવાય જ છે?



